ગાંડાઓ ઇતિહાસ રચે છે, ડાહ્યા લોકો ફક્ત એ વાંચે છે
- સંત માર્ટીન

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર



Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૨૦ ૯ જુલાઇ ૨૦૧૨, સોમવાર, અષાઢ વદ - ૬ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# ગાંધીનગરમાં વધુ બે આયુર્વેદિક દવાખાનાં આરંભાશે

## ગ્રામ્ય વિસ્તારમાં વધુ એક આયુર્વેદિક દવાખાનું થશે : જિલ્લામાં હાલ ૧૭ આયુર્વેદ દવાખાનાં છે : સચિવાલય સંકુલ, સે. ૧૯ અને અંબોડ ખાતે નવાં દવાખાનાં શરૂ કરાશે

ગાંધીનગર, તા. ૮

આગામી દિવસોમાં ગાંધીનગર જિલ્લામાં ત્રણ નવા આયુર્વેદ દવાખાનાઓ શરૂ કરવાનો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. જે પૈકીના બે દવાખાના ગાંધીનગર શહેરમાં તથા એક માણસા તાલુકામાં શરૂ કરવામાં આવશે.

આરોગ્ય તંત્ર સાથે સંકળાયેલ સૂત્રોના જણાવ્યાનુસાર રાજ્યસરકારે નવા બજેટમાં ત્રણ દવાખાના આયુર્વેદના મંજૂર કર્યા છે. જેમાં ભારતીય ચિકિત્સા પદ્ધતિ મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવશે.

જે ત્રણ દવાખાના મંજૂર કરવામાં આવ્યા છે તેમાં ગાંધીનગર શહેરમાં બે નવા દવાખાના શરૂ કરવામાં આવનાર છે. આ પૈકીનું એક દવાખાનુ સચિવાલય સંકુલમાં શરૂ કરવામાં આવનાર છે. હાલ સચિવાલય સંકુલમાં એલોપેથીનુ સેન્ટર ચાલુ છે અને કર્મચારીઓની માંગને ધ્યાને રાખી આયુર્વેદ દવાખાનુ શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

જ્યારે બીજુ દવાખાનુ સે. ૧૯ ખાતે શરૂ કરવામાં આવનાર છે. હાલ શહેરમાં સે. ૭, સે. ૨૯ ખાતે આયુર્વેદના દવાખાના આવેલા છે. આ ઉપરાંત સિવિલ હોસ્પિટલ ખાતે પણ આયુર્વેદ હોમિયોપેથીની ઓ.પી.ડી. કાર્યરત છે.

સે. ૨૨માં પણ આયુર્વેદ હોસ્પિટલ આવેલી છે. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા ગાંધીનગર નજીક કોલવડા ખાતે મોડેલ આયુર્વેદ કોલેજ અને હોસ્પિટલ તૈયાર કરવામાં આવી રહેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ આયુર્વેદના પ્રચાર-પ્રસારને ધ્યાને રાખી વધુ એક દવાખાનુ માણસા તાલુકાના અંબોડ ખાતે શરૂ કરવાનો નિર્ણય સરકારે લીધો છે. આ ત્રણેય દવાખાનાઓ આગામી એકાદ માસમાં કાર્યરત કરી દેવામાં આવશે તેમ પણ આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી નિર્દેશો મળી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં હાલ ૧૭ આયુર્વેદ દવાખાનાઓ કાર્યરત છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૧૧ જ્યારે માણસા, દહેગામ અને કલોલ તાલુકમાં ૨-૨ દવાખાનાઓ કાર્યરત છે. જિલ્લામાં આયુર્વેદ ચિકિત્સા

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર જીલ્લામાં વરસાદ ખેંચાતાં ઊભી થયેલી સ્થિતિથી સર્વત્ર ચિંતા

## ખેતીવાડી વિભાગે આકસ્મિક પાક-આયોજન તૈયાર કરવાની તો પાણી પૂરવઠા વિભાગે પાણીની તંગીવાળાં ગામો તારવવાની કવાયત હાથ ધરી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લામાં વરસાદ ખેંચાતા ઉભી થઈ રહેલી પરિસ્થિતિથી તંત્ર અને ખેડૂતો સહિત સમગ્ર જિલ્લા વાસીઓ ચિંતાતુર બન્યા છે.

જિલ્લામાં હજુ વાવણીલાયક વરસાદ થયો નથી અને પાણીના તળ પણ ધીમી ગતિએ ઊંડા જઈ રહ્યા છે આ સ્થિતિમાં કયા ગામોમાં પીવાના પાણીની સમસ્યા ઉભી થશે તેવી સંભાવનાઓ વાળા ગામોની યાદી તૈયાર કરવાની કવાયત પણ તંત્રએ હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં ખેતીના પાકને બચાવવા માટે સરકારે ૧૦ ટકા જેટલો જથ્થો નર્મદા કેનાલમાંથી ફાળવવાનો નિર્ણય કર્યો છે. તેનાથી ખેડૂતોને થોડીક રાહત જરૂર થઈ છે પરંતુ વાવણી લાયક વરસાદ ન થતાં હજુ વાવણીનું કાર્ય જે પુરજોશમાં આરંભવું જોઈએ તેટલું થયું નથી.

મળતી વિગતો પ્રમાણે પિયતની સુવિધા ધરાવતા વિસ્તારોમાં વાવેતર થયું છે જે એક માત્ર સંતોષકારક કહી શકાય. આ વાવેતરમાં પણ કપાસના પાકનું જ વાવેતર વધુ થયું છે તે હકીકત છે.

સામાન્યતઃ ૧૫ જુને આપણે ત્યાં વરસાદ થતો હોય છે પરંતુ આ વખતે હજુ વરસાદ થયો નથી. પ્રિ-મોન્સુન એકટીવીટીના કારણે થોડોક વરસાદ થયો છે પણ તે સાર્વત્રિક થયો નથી. છેલ્લા બે ત્રણ દિવસથી શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારના કેટલાક છુટા છવાયા ભાગોમાં વરસાદના હળવા છાંટા થયા છે. આ પરિસ્થિતિને કારણે ખેડૂત અને પ્રજાજનો ચિંતીત બન્યા છે.

વરસાદ પૂર્વેનો ઉકળાટ જે હોય તે વધી રહ્યો છે પણ વરસાદ થતો નથી જો કે ખેડૂતો અને હવામાન ખાતાના સૂત્રો આગામી બે ત્રણ દિવસમાં સારો વરસાદ થશે તેવો વિશ્વાસ ધરાવે છે.

ખેતીવાડી વિભાગ દ્વારા તો વરસાદ જે રીતે ખેંચાયો છે તેને ધ્યાને રાખી આકસ્મિક પાક. આયોજન તૈયાર કરવાની કવાયત પણ હાથ ધરી દીધી છે. ખેડૂતોને ઘાસચારાનું વાવેતર ઉપરાંત રોકડિયા પાકોનું વાવેતર કરવા માટે જણાવવામાં આવે તેવી શકયતાઓ છે.

પીવાના પાણી માટે આમ તો જિલ્લામાં તમામ ગામોને નર્મદા કેનાલ સાથે કનેકટીવીટી આપવામાં આવી છે પણ ૧૦૦થી વધુ ગામો દ્વારા આ કનેકટીવીટીનો અસ્વીકાર કરવામાં આવ્યો હોવાથી ભૂગર્ભ જળની ગુણવત્તાને લઈ આગામી દિવસોમાં પ્રશ્નો વધુ વિકટ બનશે તેમ તંત્રના અધિકારીઓનું માનવું છે.



આમ તો વૅકેશન પૂર્ણ થઈ ગયું છે અને બાળકો હવે શાળાભ્યાસ ને ટ્યુશનમાં રત થઈ ગયા છે. પણ તેમ છતાં બાળકો રમતથી દૂર કઈ રીતે રહી શકે ? શનિવારે બંધનું ઍલાન અને રવિવારની રજા એમ બે રજાઓ એકસાથે મળી જતાં બાળકો માટે રમતનું મૅદાન મૉકળું થઈ ગયું હતું. ભેગા મળીને રમતાં આવાં જ બાળકો કૅમેરામાં કૅચ થઈ ગયાં હતાં. (તસવીર : દિપક જાની)

# અડવાણી હવે મોદીના વખાણ કરવા લાગ્યા, બ્લૉગમાં ખુલ્લો બચાવ કર્યો

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર, તા.૮

ભાજપના રાષ્ટ્રીય અને સિનિયર નેતા લાલકૃષ્ણ અડવાણી અને ગુજરાતના મુખ્યમંત્રી



નરેન્દ્ર મોદી વચ્ચે પેચઅપ થઈ ગયું છે. નવી દિલ્હીમાં પાર્ટી પ્રેસિડેન્ટ નિતીન ગડકરીના ફંકશનમાં ઉપસ્થિત રહેલા મોદીને આ મુલાકાત ફળી હોય તેમ લાગે છે, કારણ કે અડવાણીએ ફરીથી તેમના વખાણ શરૂ કર્યા છે.

કર્ણાટકના મામલે કડક વલણ લેનારા અડવાણીએ પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઇ પટેલની રજૂઆતોને ફગાવી દઈને સ્પષ્ટ કહ્યું છે કે મોદી વિરૂદ્ધમાં ખોટો પ્રચાર ચાલી રહ્યો છે. બીજા શબ્દોમાં કેશુભાઈને જવાબ પણ આપી દેવામાં આવ્યો છે. કર્ણાટકમાં જે થયું છે તે અડવાણીને પસંદ પડ્યું નથી છતાં પાર્ટીએ મુખ્યમંત્રી બદલી નાંખ્યા છે.

અડવાણીએ તેમના બ્લોગમાં મોદીનો ખુલ્લો બચાવ કર્યો છે અને કહ્યું છે કે મોદીએ પૂર્વ રાષ્ટ્રપતિ ડો. અબ્દુલ કલામના ગુજરાત પ્રવાસનો ક્યારેય વિરોધ કર્યો ન હતો. અડવાણીએ દાવો કરતાં પોતાના બ્લોગમાં કલામના પુસ્તક ટર્નિંગ પોઈન્ટનો ઉલ્લેખ કર્યો છે.

એનડીની સહયોગી પાર્ટી જેડીયુ તરફથી તાજેતરમાં મોદી ઉપર થયેલા રાજકીય પ્રહારો બાદ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનો ખુલ્લો બચાવ કર્યો હતો અને બિહારના મુખ્યમંત્રી નિતીશ કુમારને આડે હાથ લીધા હતા. હવે અડવાણી મોદીની તરફેણમાં આવી રહ્યાં છે.

## સંઘ પછી સિનિયર રાષ્ટ્રીય નેતા મોદીની તરફેણમાં મોદીએ કલામના ગુજરાત પ્રવાસનો વિરોધ કર્યો ન હતો

# લેકાવાડા-ગિયોડમાં ચુડવેલના ઉપદ્રવ

ગાંધીનગર, તા. ૮

જિલ્લામાં વરસાદ ખેંચાતા ઉભી થયેલી સ્થિતિમાં ગાંધીનગર તાલુકાના ગિયોડ અને લેકાવાડા પંથકમાં ચુડવેલ નામની ઈયળનો ઉપદ્રવ થઈ જતાં ગ્રામજનો ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા છે.

ગાંધીનગર શહેરને અડીને આવેલા લેકાવાડા ગામમાં આજે ચુડવેલ ઈયળે દેખા દીધી હતી તો ગિયોડ ગામમાં છેલ્લા બે દિવસથી આ ઈયળના આક્રમણથી ગ્રામજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

અગાઉ આ ચુડવેલ ઈયળ દહેગામ પંથકમાં તેમજ ગાંધીનગર તાલુકામાં પણ દેખાઈ હતી. આ ઈયળના ઉપદ્રવને કાબુમાં લેવામાં આવે તેવી તીવ્ર લાગણી ગ્રામજનો અનુભવી રહ્યા છે. આ ઈયળ પાકને કે માનવજીવનને કોઈ નુકશાન કરતી

● અનુસંધાન પાન-૭ પર

# પંચાયતની કારોબારી સમિતિ ૨૧મીએ મળશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની બેઠક આગામી ૨૧મી જુલાઈના રોજ મળશે.

કારોબારી સમિતિના ચેરમેન શ્રી વિરેન્દ્રસિંહ વાઘેલાના અધ્યક્ષપદે મળનારી આ બેઠક પંચાયતની સામાન્ય સભા બાદ પહેલીવાર મળી રહી છે. આ બેઠક માટેનો સત્તાવાર એજન્ડા એકાદ-બે દિવસમાં જારી કરવામાં આવશે.

આ બેઠકમાં વિકાસના કામો અંગેની સમીક્ષા કરવા ઉપરાંત કેટલાક મહત્વના નિર્ણયો લેવામાં આવે તેવી શક્યતાઓ છે.





Stockiest List - Gandhinagar Dist. S. P. : N. M. Enterprise Gandhinagar - 99099 41892

| Customer Name | City | Mobile No. | Customer Name | City | Mobile No. |
|---|---|---|---|---|---|
| SHREE BRAHMANI TRADERS | ADALAJ | 97236 61259 | MAN ENTERPRISE | KUDASAN | 94270 21817 |
| SHREE PRAMUKH TRADERS | ALAMPUR | 98255 77299 | SHIVSHAKTI TRADERS | LEKAVADA | 99091 82726 |
| SANJAR SALES | BAHIYAL | 98794 09003 | BRAHMANI TRADING COMPANY | LIMBODARA | 99984 90278 |
| SHRI JALARAM TRADERS | CHANDRALA | 98983 10599 | AVADHOOT TRADERS | MAGODI | 9898790407 |
| MITA ENTERPRISES | CHHALA | 98988 01021 | SIDHESHWARI CEMENT DEPO | MUBRAKPUR | 94290 63823 |
| AESHVI ENTERPRISE | CHILODA | 99253 74003 | VIJAY TRADERS | PALAJ | 99040 81428 |
| UMIYA PLYWOOD | CHILODA | 99250 31083 | SHREE LAXMINARAYAN TRADING CO. | PETHAPUR | 99789 12064 |
| HET TRADERS | DABHODA | 81410 17688 | GURUKRUPA TRADERS | RAKHIAL | 96011 94730 |
| SHRI RAJ TRADERS | DEHGAM | 99748 54284 | PATEL KAMLESH DAHAYABHAI | RANDHEJA | 98242 81435 |
| DEV TRADER & BUILDING MATERIAL | DEHGAM | 99259 58281 | AMRUTLALA NATHALALSHAH | SADRA | 94284 15202 |
| DHANLAXMI STEEL TRADERS | GANDHINAGAR | 97260 42556 | HETAL TRADERS | SHERTHA | 99984 66457 |
| JAY BHAVNI TRADERS | GANDHINAGAR | 99987 44955 | YOGESHWAR TRADERS | VALAD | 97376 81797 |
| JAY VISAT PIPE TRADERS | GANDHINAGAR | 94284 07632 | SHREE BHAVANI TRADERS | VAVOL | 99247 40778 |
| DALWADI BUILDING MATERIAL SUPP. | GANDHINAGAR | 98981 92761 | SHRI MAHAKALI TRADERS | ZAK | 98258 96111 |
| BHAGWATI MARKETING | GANDHINAGAR | 99250 17137 | Company Markteing Staff : | | |
| SHREE GANESH STEEL CORPORATION | GANDHINAGAR | 98986 11879 | Kartikey Vyas | | 98796 05116 |
| BRAHMANI TRADERS | KOBA | 99245 06106 | Kinshuk Dave | | 83475 57002 |


# મહારાષ્ટ્રના આદર્શ કાંડની તપાસ ગુજરાત કેડરના અધિકારી કરશે

## ગીરના સિંહોના શિકાર અને બિજલ જોષી બળાત્કાર કેસની તપાસ કરનાર અધિકારીને સીબીઆઇએ ઇન્વેસ્ટીગેશ સોંપ્યું : પૂર્વ સીએમની તપાસ કરશે

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર, તા.૮

ગુજરાતના એક આઈપીએસ ઓફિસર પાડોશી રાજ્ય મહારાષ્ટ્રના આદર્શ સોસાયટી કાંડની તપાસ કરવાના છે. તેમણે મહારાષ્ટ્રના ત્રણ પૂર્વ મુખ્યમંત્રીની ઉલટ તપાસ કરવાની થાય છે.

સીબીઆઇએ ૪થી જુલાઇએ આદર્શ કૌભાંડમાં પ્રથમ ચાર્જશીટ દાખલ કરી હતી જેમાં આરોપી તરીકે પૂર્વ મુખ્યમંત્રી અશોક ચવ્હાણનું નામ પણ હતું. જો કે એક દિવસમાં તપાસ અધિકારીને હટાવી દેવામાં આવ્યા છે.

આ કેસની તપાસ સીબીઆઇના જોઇન્ટ ડાયરેક્ટર ઋષિરાજ સિંહ કરતા હતા, હવેથી ૧૯૮૬ની બેચના અધિકારી કેશવકુમાર આ કેસની તપાસ કરનાર છે. ૨૦૧૦માં નવી દિલ્હી સ્થિત સીબીઆઇની કચેરીમાં તેઓ જોઇન્ટ ડાયરેક્ટર તરીકે જોડાયા હતા. હાલ તેઓ મુંબઇની સીબીઆઇ કચેરીમાં છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે ગુજરાતના અનેક આઈપીએસ અધિકારીઓ મોટા કેસોની તપાસ કરી ચૂક્યાં છે. અગાઉ ગુજરાત કેડરના અધિકારી રાકેશ અસ્થાનાને બિહારના ચારાકાંડની તપાસ સોંપવામાં આવી હતી. આઇપીએસ અધિકારી વી.કે.ગુપ્તાએ પણ અનેક મહત્વના કેસોની તપાસ કરી છે.

અમદાવાદ શહેરના સેક્ટર-૨ના એડિશનલ પોલીસ કમિશનર હતા ત્યારે કેશવકુમારે બહુચર્ચિત બિજલ જોષી બળાત્કાર કેસમાં તપાસ કરી હતી. આ કેસમાં દોષિતોને લાંબી સજા થઇ છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે કેશવકુમારે સિંહોના શિકારીઓની ગેંગનો પર્દાફાશ કર્યો હતો. કોઇ જંગલી પ્રાણીઓની હત્યાના કેસમાં તપાસ માટે પ્રથમવાર ફોરેન્સિક સાયન્સનો ઉપયોગ થયો હતો.